'ગરીબી મે આટા ગીલા' જેવા પાકિસ્તાની ક્રિકેટ ટીમના હાલ

સ્લો ઓવર રેટ માટે ICCનો પાકિસ્તાની ટીમને મોટો દંડ

ત્રીજી ટેસ્ટમાં સ્લો ઓવર-રેટ માટે પાકિસ્તાનને 50 ટકા મેચ ફીનો દંડ, WTCના 11 પોઈન્ટ્સ કપાયા

પાકિસ્તાન વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઈન્ટ ટેબલમાં સૌથી નીચેના સ્થાને વધુ પાછળ ધકેલાઈ ગયું

દુબઈ, તા. 14 (PTI) : બર્મિંઘમમાં ઈંગ્લેન્ડ સામેની ત્રીજી ટેસ્ટ દરમિયાન સ્લો ઓવર-રેટ જાળવવા બદલ પાકિસ્તાન પર સોમવારે મેચ ફીના 50 ટકા દંડ અને 11 વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) પોઈન્ટ કાપી લેવામાં આવ્યા છે. આઈસીસીએ પોતાની વેબસાઈટ પર જણાવ્યું હતું કે યજમાન ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ સીરિઝમાં 0-3થી પરાજય પામેલી પાકિસ્તાની ટીમ 'સમયની છૂટછાટો ધ્યાનમાં લીધા પછી' નિયત લક્ષ્યાંક કરતાં 11 ઓવર પાછળ હોવાનું માલૂમ પડ્યું હતું. પાકિસ્તાને લીડ્ઝ ખાતેની શ્રેણીની પ્રથમ ટેસ્ટ ઈનિંગ્સ અને 103 રને, લોર્ડ્ઝ ખાતે બીજી ટેસ્ટ 194 રને અને એજબેસ્ટન ખાતે ત્રીજી ટેસ્ટ 8 વિકેટે ગુમાવી હતી.

આઈસીસીએ જણાવ્યું હતું કે, બર્મિંઘમમાં ઈંગ્લેન્ડ સામેની ત્રીજી અને અંતિમ મેચ દરમિયાન સ્લો ઓવર-રેટ જાળવવા બદલ પાકિસ્તાન પર બેવડો દંડ ફટકારવામાં આવ્યો છે. આ દંડ મેચ રેફરી રંજન મદુગલે, ઓન-ફીલ્ડ અમ્પાયરો પોલ રીફેલ અને ક્રિસ ગૈફાની, થર્ડ અમ્પાયર અલ્લાહુદ્દીન પાલેકર અને ફોર્થ અમ્પાયર રસેલ વોરન દ્વારા લાદવામાં આવ્યો હતો. આઈસીસીએ ઉમેર્યું કે, તેનો અર્થ એ છે કે પાકિસ્તાન વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઈન્ટ ટેબલમાં સૌથી નીચેના સ્થાને વધુ પાછળ ધકેલાઈ ગયું છે. ટીમ હવે 4.63 પોઈન્ટ ટકાવારી સાથે નવમા સ્થાને છે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ રમવાની શરતોની કલમ 16.11.2 અનુસાર, ઓછી ફેંકાયેલી દરેક ઓવર માટે ટીમને એક પોઈન્ટનો દંડ થાય છે. પરિણામે, પાકિસ્તાનના કુલ પોઈન્ટ્સમાંથી 11 વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ પોઈન્ટ્સ કાપી લેવામાં આવ્યા છે. WTC પોઈન્ટ્સ ટેબલમાં નવમા સ્થાને તળિયે પછડાટ અનુભવી રહેલા પાકિસ્તાને અત્યાર સુધીની નવ ટેસ્ટમાંથી માત્ર બેમાં જીત મેળવી છે અને સાતમાં હારનો સામનો કરવો પડ્યો છે.

આજે બીજી ટી-20 : ભારત સીરિઝ જીતવાના ઇરાદે મેદાનમાં ઊતરશે

હાર્દિક પંડ્યાની ગેરહાજરી અને હવે વરુણ ચક્રવર્તીની ઇજાએ પાંચમા બોલરની સમસ્યા વધુ વકરાવી

સાંજે 7.30 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સોની સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ ફેનકોડ એપ પર

નવી દિલ્હી, તા. 14 (PTI) : વરુણ ચક્રવર્તી સોમવારે સાઈડ સ્ટ્રેનના કારણે સીરિઝમાંથી બહાર થઈ જતાં અને હાર્દિક પંડ્યાની ગેરહાજરીને કારણે અફઘાનિસ્તાન સામેની બીજી ટી-20 મેચમાં ભારત માટે પાંચમા બોલરની સમસ્યા વધુ ઘેરી બની છે. મંગળવારે યોજાનારી આ મેચમાં ભારતીય ટીમ સીરિઝ કબજે કરવાના ઈરાદા સાથે મેદાને ઊતરશે.

વર્લ્ડ કપ વિજેતા ભારતીય ટીમે રવિવારે રમાયેલી પ્રથમ મેચમાં અફઘાનિસ્તાનને સાત વિકેટે હરાવીને ત્રણ મેચોની સીરિઝમાં 1-0ની સરસાઈ મેળવી લીધી હતી. શ્રેયસ અય્યરની આગેવાની હેઠળની ભારતીય ટીમે શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું, જેમાં ઝડપી બોલર અર્શદીપ સિંહ અને ઓપનિંગ બેટ્સમેન અભિષેક શર્માનું શાનદાર પ્રદર્શન નિર્ણાયક રહ્યું હતું. જસપ્રીત બુમરાહે ઈજામાંથી પુનરાગમન કરીને એક વિકેટ ઝડપી હતી, જ્યારે અક્ષર પટેલ પણ મધ્યમ ઓવરોમાં કરકસરયુક્ત રહ્યો હતો. પરંતુ અય્યર માટે પાંચમા બોલરનો ક્વોટા પૂરો કરવો મુશ્કેલ બન્યો હતો અને તેના બેટિંગ ઓલરાઉન્ડર્સ - શિવમ દુબે અને નિતિશ કુમાર રેડ્ડી અપેક્ષા મુજબનો દેખાવ કરી શક્યા નહોતા. અય્યર પ્લેઈંગ ઈલેવનમાં ચક્રવર્તીના સ્થાને લેગ-સ્પિનર રવિ બિશ્નોઈ અથવા ઓફ-સ્પિનર ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદરને તક આપી શકે છે.

વરુણ ચક્રવર્તી સીરિઝમાંથી બહાર, એશિયન ગેમ્સ માટે પણ શંકાસ્પદ

ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન હેમસ્ટ્રિંગની ઈજામાંથી સાજા થઈને પાછા ફરેલા ચક્રવર્તીએ શ્રેણીની પ્રથમ મેચમાં એક વિકેટ ઝડપી હતી. પરંતુ સોમવારે સાઈડ સ્ટ્રેન થવાને કારણે તે આખી સીરિઝમાંથી બહાર થઈ ગયો છે, જેથી આગામી એશિયન ગેમ્સમાં પણ રમવા અંગે શંકા ઊભી થઈ છે. બીસીસીઆઇના એક સૂત્રએ જણાવ્યું હતું કે આ એક નવી ઈજા છે. MRI રિપોર્ટમાં સ્નાયુમાં ખેંચાણ હોવાનું બહાર આવ્યું છે. તે સીરિઝમાંથી બહાર થયો છે અને એશિયન ગેમ્સમાં તેની ભાગીદારી પણ શંકાસ્પદ છે. ખેલાડીઓને વારંવાર થતી ઇજાઓને કારણે તાજેતરના સમયમાં સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતેની ઇજા વ્યવસ્થાપન પ્રણાલી તપાસના દાયરામાં આવી છે. ચક્રવર્તીની તાજેતરની ઇજા આનું બીજું ઉદાહરણ છે.

ચેક રિપબ્લિકના માજી ગોલકીપર લુડેક મિકલોસ્કોનું નિધન

પ્રાગ, તા. 14 (એપી) : પૂર્વ ચેકોસ્લોવેકિયા, ચેક રિપબ્લિક અને વેસ્ટ હેમના ગોલકીપર લુડેક મિકલોસ્કોનું નિધન થયું છે. તે 64 વર્ષના હતા. સોમવારે તેમના પરિવાર અને ચેક ક્લબ 'બાનિક ઓસ્ટ્રાવા' દ્વારા તેમના અવસાનની જાહેરાત કરવામાં આવી હતી. ઈંગ્લેન્ડ ગયા પહેલાં મિકલોસ્કોએ આ ક્લબમાં આઠ વર્ષ વિતાવ્યા હતા અને છેલ્લા પાંચ વર્ષથી કેન્સર સામે ઝઝૂમતા હોવા છતાં તેમણે ત્યાં સ્પોર્ટિંગ ડિરેક્ટર તરીકે સેવા આપી હતી. મિકલોસ્કો ફેબ્રુઆરી 1990 માં વેસ્ટ હેમમાં જોડાયા હતા. ચેકોસ્લોવેકિયામાં કોમ્યુનિસ્ટ શાસનનો અંત આણનાર 1989 ની 'વેલવેટ રિવોલ્યુશન' પછી ઈંગ્લિશ ફૂટબોલમાં પ્રભાવ પાડનારા તેઓ પ્રથમ ચેક ખેલાડી બન્યા હતા, અને તેમણે આ ક્લબ માટે 373 મેચ રમી હતી. પોતાની પ્રથમ સિઝન બાદ તેમને વેસ્ટ હેમના 'પ્લેયર ઓફ ધ યર' તરીકે ચૂંટવામાં આવ્યા હતા, જેનાથી ટીમ ઈંગ્લિશ ટોપ ફ્લાઇટમાં પ્રોમોશન મેળવવામાં સફળ રહી હતી. તેમણે ચેકોસ્લોવેકિયા અને ચેક રિપબ્લિક માટે 42 આંતરરાષ્ટ્રીય મેચો પણ રમી હતી.

એશિયા કપ ટ્રોફી વિવાદ પર સૈકિયા : બોર્ડનો નિર્ણય સભાન અને સંસ્થાકીય

ભારતીય મહિલા ટીમે પણ પુરુષ ટીમની જેમ મોહસીન નકવી પાસેથી ટ્રોફી સ્વીકારવાનો ઇનકાર કરી દીધો

વર્તમાન સંજોગોમાં ભારતીય ટીમ ટ્રોફી એનાયત સમારોહમાં ભાગ નહીં લે એવી એસીસીને જાણ કરાઇ હતી

નવી દિલ્હી, તા. 14 (PTI) : ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)ના સચિવ દેવજીત સૈકિયાએ સોમવારે જણાવ્યું હતું કે, એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી)ના પાકિસ્તાની પ્રમુખ મોહસિન નકવી પાસેથી એશિયા કપની ટ્રોફી સ્વીકારવા ભારતીય મહિલા ક્રિકેટ ટીમનો ઇનકાર એ દેશના સંજોગો અને લાગણીઓને ધ્યાનમાં રાખીને બોર્ડ દ્વારા લેવાયેલો એક સભાન અને સંસ્થાકીય નિર્ણય હતો.

ભારતીય મહિલા ટીમે રવિવારે દુબઈમાં રમાયેલી ફાઈનલમાં શ્રીલંકાને 72 રને હરાવ્યું હતું, પરંતુ નકવી પાસેથી ટ્રોફી સ્વીકારી નહોતી. પહલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં 26 લોકોના મોત બાદ 2025ના એશિયા કપ દરમિયાન પુરુષ ટીમ દ્વારા શરૂ કરાયેલા વલણને મહિલા ટીમે આગળ ધપાવ્યું હતું.

સૈકિયાએ જણાવ્યું હતું કે, અમે તમામ પ્રવર્તમાન પાસાઓને ધ્યાનમાં રાખીને એક સભાન નિર્ણય લીધો હતો, અને અમારી સ્થિતિ અંગે એસીસીને અગાઉથી જાણ કરી દેવામાં આવી હતી કે વર્તમાન સંજોગોમાં ભારતીય ટીમ ટ્રોફી એનાયત કરવાના સમારોહમાં ભાગ લેશે નહીં. દેશમાં પ્રવર્તી રહેલા સંજોગો અને લાગણીઓને ધ્યાનમાં રાખીને, બીસીસીઆઇને લાગ્યું કે ટીમ માટે પ્રસ્તાવિત રીતે ટ્રોફી મેળવવી યોગ્ય રહેશે નહીં. આ એક દૃઢ સંસ્થાકીય નિર્ણય હતો, જે અમે જાળવી રાખેલા વલણનું પ્રતિબિંબ છે, અને તે ખેલાડીઓ, ટુર્નામેન્ટ કે રમતની વિરુદ્ધ નહોતો એવું તેમણે ઉમેર્યું હતું.

સમાધાન કરવાનો ક્યારેય કોઈ પ્રશ્ન નહોતો. જોકે, બહુરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં ભાગ લેવો અને ટ્રોફી મેળવવાની પદ્ધતિ - આ બંને અલગ બાબતો છે."

ટ્રોફી ઉંચકીને ઉજવણી કરવી એ એક ઉત્સવની ક્ષણ હોત, પરંતુ બીસીસીઆઈના સચિવ ખુશ છે કે હરમાનપ્રીત કૌરની ટીમે પોતાની કામગીરી સફળતાપૂર્વક અને પૂર્ણ નિષ્ઠાથી પાર પાડી છે. ભારતીય મહિલા ટીમે જે સૌથી મહત્ત્વનું હતું તે કરી બતાવ્યું છે, તેમણે મેદાન પર તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શન દ્વારા એશિયા કપ જીત્યો છે. અમે અને આખો દેશ ટીમ પર અત્યંત ગર્વ અનુભવે છે, અને આ સિદ્ધિ ખેલાડીઓ અને ભારતીય ક્રિકેટની છે.

શેલ્ટનને હરાવીને ઝવેરેવે યુએસ ઓપન ટાઈટલ જીત્યું

ઝવેરેવની જીતથી અમેરિકન પુરુષો માટે ગ્રાન્ડસ્લેમ ટાઇટલનો દુષ્કાળ યથાવત રહ્યો

શેલ્ટનને 6-3, 7-6, 5-7, 6-2થી હરાવી ઝવેરેવે આ વર્ષનું બીજું ગ્રાન્ડસ્લેમ જીત્યું

ન્યૂ યોર્ક, તા. 14 (AP) : એલેક્ઝાન્ડર ઝવેરેવે ટેનિસમાં પોતાનું શ્રેષ્ઠ વર્ષ જાળવી રાખીને રવિવારે મોડી રાત્રે રમાયેલી યુએસ ઓપન પુરુષ સિંગલ્સની ફાઈનલમાં અમેરિકાના બેન શેલ્ટનને હરાવ્યો તેની સાથે જ અમેરિકન પુરુષો માટે ગ્રાન્ડ સ્લેમ ટાઈટલનો લાંબો દુષ્કાળ પણ યથાવત રહ્યો હતો.

ઝવેરેવે રવિવારે યુએસ ઓપન ફાઈનલમાં બેન શેલ્ટનને 6-3, 7-6 (2), 5-7, 6-2થી હરાવીને પોતાનું બીજું મેજર ચેમ્પિયનશિપ ટાઈટલ જીત્યું હતું. તેણે 2003 પછી પ્રથમ વખત કોઈ અમેરિકન પુરુષને ગ્રાન્ડ સ્લેમ જીતતા જોવા માટે આતુર પ્રેક્ષકોને નિરાશ કર્યા હતા. ઝવેરેવે આ વર્ષે ફ્રેન્ચ ઓપન જીતીને આખરે મેજર્સમાં સફળતા મેળવી હતી અને ત્યારબાદ ન્યૂ યોર્કમાં તે ટાઈટલ મેળવ્યું હતું.

પ્રથમ વખત ગ્રાન્ડ સ્લેમમાં નંબર વન સીડ મેળવનાર ઝવેરેવે, શેલ્ટનની તેની પ્રથમ મેજર ફાઈનલમાં નબળી શરૂઆતનો લાભ ઉઠાવ્યો, સર્વ પર લગભગ ભૂલરહિત ટાઈબ્રેકર રમ્યો અને પછી ઉત્સાહપૂર્વક પ્રોત્સાહિત કરતી ભીડ સામે શેલ્ટનના વાપસીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો.

ઝવેરેવે આ વર્ષે મેજર મેચોમાં પોતાનો રેકોર્ડ 25-2 કર્યો અને 5.5 મિલિયન ડોલરની ઈનામી રકમ જીત્યો, જે શનિવારે મહિલા ચેમ્પિયન એલેના રિબાકીના દ્વારા જીતવામાં આવેલી રકમની બરાબર છે અને ગ્રાન્ડ સ્લેમ ઈતિહાસમાં સૌથી મોટી રકમ છે.

ભારતમાં યોજાનારી એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી હોકીમાં પાકિસ્તાન ભાગ લેશે : માન

ACT હોકીમાં ભારત, પાકિસ્તાન, ચીન, જાપાન, મલેશિયા અને કોરિયા ભાગ લેશે, કોઇ ખસશે તો તેના સ્થાને ઓમાન કે બાંગ્લાદેશને સામેલ કરાશે

મોહાલી, તા. 14 : પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને સોમવારે જણાવ્યું હતું કે આવતા મહિને અહીં યોજાનારી પુરુષોની એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી (ACT) હોકી ટુર્નામેન્ટમાં ભાગ લેનારા છ દેશોમાં પાકિસ્તાનનો સમાવેશ થાય છે.

તેમણે કેન્દ્ર સરકારની નીતિનો ઉલ્લેખ કર્યો જેના હેઠળ આ બે કટ્ટર હરીફોને ભારતીય ભૂમિ પર બહુરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં રમવાની મંજૂરી છે. એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી 27 ઓક્ટોબરથી 5 નવેમ્બર દરમિયાન જાલંધર અને મોહાલીમાં રમાશે. ભારત, પાકિસ્તાન, ચીન, જાપાન, મલેશિયા અને કોરિયા તેમાં ભાગ લેશે.

જો કોઈ ટીમ ટુર્નામેન્ટમાંથી ખસી જાય છે, તો તેનું સ્થાન ઓમાન અથવા બાંગ્લાદેશને આપવામાં આવશે. આ ટુર્નામેન્ટ દર વર્ષે એશિયન હોકી ફેડરેશનના નેજા હેઠળ યોજવામાં આવે છે પરંતુ ગયા વર્ષે તેનું આયોજન થયું ન હતું. ભારત આ સ્પર્ધામાં ડિફેન્ડિંગ ચેમ્પિયન તરીકે પ્રવેશ કરશે, જેણે 2023 (ચેન્નાઈ) અને 2024 (હુલુનબુઈર, ચીન) માં ટાઈટલ જીત્યા હતા. પાકિસ્તાનની ભાગીદારી અને જરૂરી મંજૂરીઓ મળી ગઈ છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા, માને કહ્યું કે દ્વિપક્ષીય શ્રેણી શક્ય ન પણ હોય પરંતુ બહુરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં કોઈ સમસ્યા નથી આ પ્રસંગે બોલતા, હોકી ઈન્ડિયાના સેક્રેટરી જનરલ ભોલાનાથ સિંહે જણાવ્યું હતું કે ભારત અને પાકિસ્તાનના હોકી એસોસિએશન વચ્ચે 'સારા સંબંધો' છે.

ફ્રાન્સને હરાવી અમેરિકાએ સતત પાંચમું મહિલા FIBA વર્લ્ડકપ ટાઈટલ જીત્યું

2006ની સેમીમાં રશિયા સામે હાર્યા પછી અમેરિકનોની વર્લ્ડકપમાં સતત જીતનો સિલસિલો 36 મેચ સુધી લંબાવ્યો



બર્લિન, તા. 14 (એપી) : બ્રિઆના સ્ટુઅર્ટ અને અમેરિકન ટીમે બીજા હાફમાં પ્રભુત્વ મેળવીને સતત પાંચમો મહિલા FIBA વર્લ્ડકપ જીતતા પહેલા ફ્રાન્સ તરફથી સખત પડકારનો સામનો કરવો પડ્યો હતો. 97-79ની આ જીતે અમેરિકનોની વર્લ્ડકપમાં સતત જીતનો સિલસિલો 36 મેચ સુધી લંબાવ્યો છે, જે 2006ના વર્લ્ડકપની સેમિફાઈનલ પછીનો છે જ્યાં તેઓ રશિયા સામે હારી ગયા હતા. 1983માં સોવિયેત યુનિયન સામે બીજા ક્રમે રહ્યા બાદ ગોલ્ડ મેડલ મેચોમાં અમેરિકાનો રેકોર્ડ વધીને 9-0 થયો છે.

અંતિમ સ્કોર ગમે તે હોય, પણ આ જીત સરળ નહોતી; પ્રથમ હાફમાં 14 પોઈન્ટથી પાછળ રહીને અમેરિકનોએ આ ટૂર્નામેન્ટમાં લાંબા સમય પછી સૌથી મોટા પછાડાનો સામનો કરવો પડ્યો હતો. સ્ટુઅર્ટ અને જેકી યંગના જોરે તેઓએ ધૈર્યપૂર્વક વાપસી કરી અને હાફટાઈમ સુધીમાં તફાવત માત્ર બે પોઈન્ટનો કરી દીધો, જ્યારે કેટલિન ક્લાર્કે બઝર વાગતા પહેલા જ 3-પોઈન્ટર શૉટ માર્યો હતો. ટૂર્નામેન્ટની મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર (તરીકે ચૂંટાયેલી સ્ટુઅર્ટે 22 પોઈન્ટ અને યંગે 18 પોઈન્ટ સાથે ગેમ પૂરી કરી હતી. સ્પેને યજમાન જર્મનીને હરાવીને બ્રોન્ઝ મેડલ જીત્યો.

જોકોવિચ લપસતા 24 વર્ષ પછી ટેનિસ રેન્કિંગમાં ટોપ ટેનમાંથી 'બિગ-3'ની બાદબાકી

યુએસ ઓપનના પહેલા રાઉન્ડમાં હાર્યા પછી જોકોવિચ રેન્કિંગમાં પાંચમા સ્થાનેથી 12માં ક્રમે સરક્યો

નવા રેન્કિંગમાં સિનર, ઝવેરેવ અને અલ્કારાઝ અનુક્રમે 1-2-3 પર યથાવત, શેલ્ટન ચોથા ક્રમે પહોંચ્યો

ન્યૂ યોર્ક, તા. 14 (AP) : યુએસ ઓપન સંપન્ન થયા પછી જાહેર થયેલા ટેનિસ રેન્કિંગમાં 24 વર્ષ પછી એવું પહેલીવાર બન્યું છે કે જ્યારે પુરુષ ટેનિસ રેન્કિંગના ટોપ 10માં 'બિગ થ્રી' રોઝર ફેડરર, રાફેલ નડાલ અને નોવાક જોકોવિચમાંથી એક પણ ખેલાડી સ્થાન ન ધરાવતો હોય.

સોમવારે જાહેર કરાયેલા તાજેતરના રેન્કિંગમાં હજુ પણ રમી રહેલો આ ત્રિપુટીનો છેલ્લો ખેલાડી 39 વર્ષીય જોકોવિચ પાંચમા ક્રમેથી સરકીને 12મા ક્રમે પહોંચી જતાં, ઓક્ટોબર 2002 પછી આ પહેલીવાર બન્યું છે કે તે, ફેડરર કે નડાલમાંથી કોઈ પણ ખેલાડી યાદીના પ્રથમ 10 સ્થાનમાં સામેલ નથી. ફેડરર અને નડાલે અનુક્રમે 2022 અને 2024માં નિવૃત્તિ લીધી હતી. ફેડરરે જ્યારે રમત છોડી ત્યારે તેઓ 41 વર્ષના હતા અને નડાલ 38 વર્ષના હતા.

નવા રેન્કિંગમાં સિનર, ઝવેરેવ અને અલ્કારાઝ અનુક્રમે 1-2-3 પર યથાવત રહ્યા છે, જ્યારે યુ.એસ. ઓપન ફાઈનલિસ્ટ બેન શેલ્ટન પાંચ સ્થાનના કુદકા સાથે નંબર 4 પર પહોંચી ગયા છે.

મહિલા રેન્કિંગમાં સબાલેન્કાને પછાડી રિબાકીના બની નંબર વન

મહિલા કેટેગરીમાં પરિસ્થિતિ થોડી વધુ સ્પષ્ટ હતી, જ્યાં એલેના રિબાકીનાએ આ વર્ષે ચારમાંથી બે ગ્રાન્ડ સ્લેમ ઓસ્ટ્રેલિયન ઓપન અને યુ.એસ. ઓપન જીત્યા હતા. ન્યૂ યોર્કમાં રિબાકીનાના શાનદાર પ્રદર્શને તેને રેન્કિંગમાં નંબર વન બનાવી, જેનાથી ટોચ પર આર્યના સબાલેન્કાના 99 અઠવાડિયાના શાસનનો અંત આવ્યો. ફાઈનલમાં રીબાકીનાએ તેની સામે 12 એસ ફટકાર્યા બાદ સબાલેન્કાએ કહ્યું, તેની સર્વ અદ્ભૂત છે. કોર્ટ પર આવીને તમારા પર હાવી થવાની તેની ક્ષમતા, ખાસ કરીને યુ.એસ. ઓપન જેવી સુપર ફાસ્ટ કોર્ટ પર, ચોક્કસપણે તેમના માટે મોટો ફાયદો સાબિત થાય છે.

ICC કોડ ઓફ કન્ડક્ટના ભંગ બદલ ક્રાંતિ ગૌડ દંડાઇ

દુબઈ, તા. 14 (પીટીઆઈ) : ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઈસીસી) એ સોમવારે શ્રીલંકા સામેની એશિયા કપ ફાઇનલ દરમિયાન આચારસંહિતાના લેવલ વનનો ભંગ કરવા બદલ ભારતની મહિલા ટીમની ફાસ્ટ બોલર ક્રાંતિ ગૌડને તેની મેચ ફીના ૧૦ ટકા દંડ ફટકાર્યો છે અને તેને એક ડિમેરિટ પોઇન્ટ આપ્યો છે. ક્રાંતિને આચારસંહિતાના કલમ 2.5 ના ભંગ બદલ દોષી ઠેરવવામાં આવી હતી. ક્રાંતિના શિસ્તભંગના રેકોર્ડમાં એક ડિમેરિટ પોઇન્ટ ઉમેરવામાં આવ્યો છે. 24 મહિનાના સમયગાળામાં આ તેનો પહેલો ગુનો છે.

અનુસંધાન... પાના પહેલાનું

દિલ્હી ડાયરી...

લઈને જૂની દિલ્હીના પ્રખ્યાત સ્ટ્રીટ-ફૂડનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જેણે આ ગાલા ડિનરને એક વિશિષ્ટ ભારતીય સ્પર્શ આપ્યો હતો. ડિનરમાં બાજરી અને ધાન્ય કેન્દ્ર સ્થાને રહ્યા હતા. મેનૂમાં આપેલી એક ખાસ નોંધમાં 'શ્રી અન્ન'નું મહત્ત્વ રેખાંકિત કરવામાં આવ્યું હતું, જેમાં મિલેટ્સને પોષક તત્ત્વોથી ભરપૂર એવા અનાજ તરીકે વર્ણવવામાં આવ્યા હતા જે ઓછા સંસાધનો માંગે છે અને કૃષિ સ્થિરતા તથા આબોહવા સહિષ્ણુતાને ટેકો આપે છે. ભોજન દરમિયાન ત્રણ પ્રકારના મિલેટ્સનો ઉપયોગ કરવામાં આવ્યો હતો: પુલાવમાં બાજરી, ભારતીય રોટલીમાં જુવાર અને મીઠાઈમાં સામો/મોરૈયો.

ભારત-ચીન સંબંધોમાં સુધારાની નવી આશા

ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગનું નવી દિલ્હીમાં બ્રિક્સ સમિટ માટે આવવાથી આલોચકોના મોં બંધ થવાની સાથેસાથે ભારત-ચીન સંબંધોમાં સુધારાની નવી આશા જાગી છે. જિનપિંગની સાત વર્ષમાં પ્રથમ વખત થયેલી આ મુલાકાત એવા સમયે થઈ છે જ્યારે બંને દેશો વર્ષ ૨૦૨૦ના પૂર્વ લદાખ સંઘર્ષ અને ગલવાન ઘાટીની હિંસક ઝડપ પછીના તણાવ બાદ સંબંધોમાં સતત થઈ રહેલા સુધારાને વધુ મજબૂત કરવા માંગે છે. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, બંને નેતાઓએ ઓગસ્ટ ૨૦૨૫માં તિયાનજિનમાં તેમની મુલાકાત પછી દ્વિપક્ષીય સંબંધોમાં થયેલી સતત પ્રગતિનું સ્વાગત કર્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, બંને દેશોએ પોતાના સંબંધો પ્રત્યે વ્યૂહાત્મક અને લાંબા ગાળાનો દૃષ્ટિકોણ અપનાવવો જોઈએ. વિદેશ મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું હતું કે, "મતભેદો વિવાદ ન બનવા જોઈએ." વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રેખાંકિત કર્યું હતું કે, સંબંધો ત્રણ પરસ્પર બાબતો - પરસ્પર સન્માન, પરસ્પર સંવેદનશીલતા અને પરસ્પર હિત દ્વારા સંચાલિત થવા જોઈએ. વિવાદિત સરહદ પર શાંતિ અને સુલેહ-શાંતિની જાળવણી એ આ ચર્ચાનો મુખ્ય મુદ્દો બનીને ઊભરી આવ્યો હતો.

ચીની રાષ્ટ્રપતિની રહસ્યમય હોંગકી એન701 લિમોઝીન

ગયેલા વીકેન્ડ દરમિયાન દિલ્હીના રસ્તાઓ પર ભારે સુરક્ષા ધરાવતા કાફલાઓ જોવા મળ્યા. તેમ છતાં ૧૮મી બ્રિક્સ સમિટ માટે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગના આગમન પહેલાં રાજધાનીના રસ્તાઓ પરથી પસાર થતી કાળા કપડાથી ઢંકાયેલી લિમોઝીન જેવી બહુ ઓછી બાબતોએ લોકોમાં આટલી ઝડપી ઉત્સુકતા જગાવી હતી. કોઈ ખોલી ન શકે તેવા અતિશય મોટા ભેટ-સોગાદના પેકિંગની જેમ વીંટાળેલી આ કારોમાંથી ચીનના નેતા પોતે ઉતર્યા તે પહેલાં તેના પરથી કવર હટાવવામાં આવ્યા હતા.

ચીને ૨૦૨૫માં...

નથી કર્યો, પરંતુ ગુપ્ત માહિતીની પ્રભુત્વતાથી લઈને અદ્યતન ટેકનોલોજી અને સંયુક્ત ઓપરેશનલ સજ્જતા સુધીની ક્ષમતા વિકાસ પર ભારતના સતત ધ્યાન પર પણ પ્રકાશ પાડ્યો છે," તેમ તેમાં જણાવાયું હતું.

UCC મુદ્દે...

રહ્યા છે, પરંતુ જેડી(યુ)ના ટેકા વગર ભાજપ માટે કેન્દ્ર અને રાજ્ય બંને જગ્યાએ સત્તા ટકાવી રાખવી શક્ય નથી. લોકસભામાં 12 સાંસદો સાથે જેડી(યુ) કેન્દ્રમાં ભાજપની આગેવાની હેઠળના એનડીએ (NDA) ગઠબંધનનો એક અત્યંત મહત્વપૂર્ણ સભ્ય પક્ષ છે. યુસીસીના કારણે લઘુમતી અને મુસ્લિમ મતબેંક નારાજ થવાની ભીતિ જેડી(યુ)ને સતાવી રહી છે. આ તરફ, વિરોધ પક્ષ આરજેડી (RJD)એ પણ આક્રમક વલણ અપનાવતા આક્ષેપ કર્યો છે કે ભાજપ નફરતની રાજનીતિ કરી રહ્યું છે અને બિહારની બિનસાંપ્રદાયિક ભૂમિ પર કોઈ પણ ભોગે યુસીસી લાગુ થવા દેવામાં આવશે નહીં.

લંડનની થેમ્સ...

પરંપરા અને જ્ઞાનને યાદ કરીને લંડનના હૃદયસમા થેમ્સના કિનારે મા ગંગાનું આહ્વાન કરવાનો આ એક નમ્ર પ્રયાસ છે. તેમણે ઉમેર્યું કે વેદાંતનું જ્ઞાન આપણને તમામ ભેદભાવોથી પર રહીને એકતા, પ્રેમ અને સદ્ભાવનાથી રહેવાની પ્રેરણા આપે છે, જેને પૂજ્ય ગુરુદેવ સ્વામી ચિન્મયાનંદજીએ હિમાલયની ઊંચાઈઓથી લાવીને સમગ્ર વિશ્વમાં પહોંચાડ્યું હતું. પર્યાવરણીય જાગરૂકતા અને નદીની સ્વચ્છતાને ધ્યાનમાં રાખીને આ સમગ્ર આરતી માત્ર જમીન (કિનારા) પર જ યોજવામાં આવી હતી. થેમ્સ નદીના પાણીમાં કોઈ પણ વસ્તુ પધરાવવામાં આવી ન હતી અને એકલ-ઉપયોગી પ્લાસ્ટિકનો ઉપયોગ સંપૂર્ણપણે ટાળવામાં આવ્યો હતો. બ્રિટિશ હિન્દુ અને દક્ષિણ એશિયાઈ સમુદાય ઉપરાંત વિવિધ પૃષ્ઠભૂમિના લોકોએ પણ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. પ્રથમ જ પ્રયાસમાં મળેલા અભૂતપૂર્વ પ્રતિસાદને જોતાં આ આરતીને હવેથી દર વર્ષે નિયમિતપણે યોજવાની શક્યતાઓ સેવાઈ રહી છે.

યમનના હુથીઓએ...

બાબ અલ-મંદેબથી 160 કિલોમીટર ઉત્તરે આવેલા હનીશ ટાપુઓ પર પોતાના લડવૈયાઓ તૈનાત કર્યા છે. આ અધિકારીઓએ પત્રકારો સાથે વાત કરવાની મંજૂરી ન હોવાના કારણે નામ ન આપવાની શરતે માહિતી આપી હતી.

આ ટાપુઓ પરનો કબજો વિદ્રોહીઓ દ્વારા ગયા સપ્તાહે નજીકના મુખ્ય ભૂમિ પર આવેલા બંદર શહેર મોખા અને બાબ અલ-મંદેબ સ્ટ્રેટની અંદર આવેલા મયૂન ટાપુ પર કબજો મેળવ્યા બાદ આવ્યો છે. હૂથી વિદ્રોહીઓની આ આગેકુચથી તેઓ બાબ અલ-મંદેબ સ્ટ્રેટની બીજી તરફ જિબુટીમાં આવેલા અમેરિકી સૈન્ય મથકથી માત્ર 32 કિલોમીટર દૂર આવી પહોંચ્યા છે. દરમ્યાન, યમનમાં ફરીથી પુરા કદનું યુદ્ધ ફાટી નિકળવાની સંભાવના ઉભી થઈ છે. સાઉદી અરેબિયાનો અને આંતરરાષ્ટ્રીય ટેકો ધરાવતી યમનની સરકારના દળો વળતો હુમલો કરવા